# ઉત્તર ગુજરાતના વણખેડાયેલા સંશોધનો

**ડૉ.સુરેશ વી.ચૌધરી**

**એસોસીએટ પ્રોફેસર ઈતિહાસ વિભાગ,**
**પ્રમુખ સ્વામી સાયન્સ એન્ડ એચ.ડી.પટેલ આર્ટ્સ કોલેજ, કડી, ઉત્તર ગુજરાત**

---

ઉત્તર ગુજરાતમાં બનાસકાંઠા, સાબરકાંઠા, મહેસાણા અને પાટણ જિલ્લાનો સમાવેશ કરવામાં આવે છે. ઉત્તર ગુજરાતની સીમાઓ સતત બદલાતી રહી છે. કેટલાક પરીબળોને કારણે આ વિસ્તાર અવિકસીત રહ્યો છે. આને લીધે જ તેનો ભૂતકાલીન વારસો અલ્પ હશે તેમ માનીને સંશોધન ક્ષેત્રે તેની ઉપેક્ષા કરાઈ છે.

આ વિસ્તાર ચાવડાઓથી વાઘેલા સમય સુધી ગુજરાતની રાજકીય પ્રવૃત્તિઓનું કેન્દ્ર રહેવા છતા તેની ભવ્યતા પર પુરતો પ્રકાશ પડ્યો નથી. સંશોધનમાં રસ ધરાવતી વ્યકિત માટે ઉત્તર ગુજરાત વણખેડાયેલું ક્ષેત્ર છે. જો કે પાછલા કેટલાક વર્ષોમાં થયેલા આ વિસ્તારના સંશોધનો ધ્યાન ખેંચે તેવા છે. અહીં મારા સંશોધન લેખમાં ઉત્તર ગુજરાતના વણખેડાયેલા સંશોધનના વિષયોને રજૂ કરવાનો નમ્ર પ્રયાસ કર્યો છે.

## ❖ હડપ્પીય સંસ્કૃતિ :

કેન્દ્રીય અને રાજ્ય સરકાર દ્વારા પુરાતત્વશાસ્ત્રીઓએ ઉત્તર ગુજરાતના કેટલાક પ્રદેશોમાં ઉત્ખનન કર્યું છે. શ્રી જગપતિ જોષી અને ડૉ.એસ.એન.ચૌધરીએ ઉત્ખનન કરીને સિંધુ ખીણની સંસ્કૃતિના અવશેષો શોધી કાઢ્યા છે. મહેસાણા જિલ્લાના લાંઘણજ જિલ્લામાંથી પણ સિંધુ ખીણના અવષેશો મળ્યા છે. બનાસકાંઠામાં પ્રાચીન ટીંબાઓ વધારે છે. જો આ ટીંબાઓનું ખોદકામ કરવામાં આવે તો ઘણી નવી માહિતી મળી શકે તેમ છે. સંશોધકોએ આ વિસ્તાર પર નજર કરીને સંશોધન કરવું જોઈએ.

## ❖ અભિલેખિક સાધનો :

પ્રાચીનકાળમાં ઉત્તર ગુજરાતનું અસ્તિત્વ હતું, જેની વિગતો વિવિધ સાધનો પરથી મેળવી શકાય છે. પ્રાચીનકાળમાં બૌદ્ધ અને જૈન ધર્મનો આ વિસ્તારમાં સારો એવો ફેલાવો થયો હતો. વડનગર, તારંગા, દેવનીમોરી વગેરે જગ્યાએ પુરાતત્ત્વખાતાએ ખોદકામ કરીને બૌદ્ધ ધર્મને લગતા અવશેષો શોધ્યા છે. સંશોધકોએ ઉત્ખનન દ્વારા પ્રાપ્ત થયેલા અવશેષોનો અભ્યાસ કરવો જોઈએ. પ્રાચીન સમયના અનેક જૈન દેરાસરો-પાટણ, ચાણસ્મા, કુંભારીયા, તારંગા-ના વિવિધ પ્રકારના લેખો પરથી રાજકીય અને સામાજીક જીવન પર પ્રકાશ પાડી શકાય છે. વિવિધ રાજવંશોના શાસનમાં જૈનોનું મહત્ત્વ વધાર્યું હતું. રાજવંશો, મંત્રીઓ, પ્રધાનો દ્વારા થયેલ કાર્યો પર સંશોધન થઈ શકે તેમ છે. પ્રતિમા લેખો, ભીંત લેખો પરથી વિશેષ માહિતી મળી શકે તેમ છે.

'ઉત્તર ગુજરાતના પાળિયાઓ' આ વિષય પર સંશોધન બાકી છે. વણઝારા, શહિદો, પ્રાણીઓ અને દેશી રાજ્યો ભીલોડા, ઈડર, હિમ્મતનગર, મોડાસા વગેરેના રાજાની છત્રી તથા સત્તીના પાળિયા લેખો પરથી સામાજિક સ્થિતિનો પરિચય મેળવી શકાય છે.

'ઉત્તર ગુજરાતના શિલ્પ -સ્થાપત્યો' – પર સ્વતંત્ર શોધ પ્રબંધ તૈયાર થઈ શકે તેમ છે. પાટણ, સિદ્ધપુર, વડનગર, વિસનગર વગેરેનું કાષ્ટ શિલ્પ અજોડ છે. તેવી જ રીતે કુંભારિયા, ગઢા, શામળાજી, ઊંઝા, મોઢેરા, પાટણ, માંડલ, વાઘેલા, મહુંડી, લાડોલ, ખંડોસણ, લોટેશ્વર, દેલમાલ, મણુંદ, રૂહાવી વગેરે શિલ્પોની સમૃદ્ધિ યથાવત છે.

સોલંકી-વાઘેલા સમયના સ્થાપત્યો અને શિલ્પો અદ્‌ભૂત છે. ધાર્મિક અને નાગરિક સ્થાપત્યો અને તેના શિલ્પો પર સંશોધન કરી શકાય તેમ છે. પાટણ, વડનગર, મોઢેરા, સિદ્ધપુર, ઈડર, ચન્દ્રાવતી વગેરેની અલગ અલગ છણાવટ કરી શકાય તેમ છે. સરસ્વતી, બનાસ અને સાબરમતી નદીના કિનારાંના નગરો પર લખી શકાય.

### ❖ રાજવંશો :

ચાવડા, સોલંકી અને વાઘેલાવંશની રાજધાની ઉત્તર ગુજરાતના પાટણમાં હતી, આથી આ વંશજ ના શાસકો પર સંશોધન થઈ શકે. સમી, હારીજ, રાધનપુર, પાલનપુર, ઈડર, હિમ્મતનગર વગેરેના સ્થાનિક રાજવંશો પર સંશોધન થવાનું બાકી છે. તેમના પર સંશોધકોએ નજર કરવી જોઈએ. આ વિસ્તારના બીજા દેશી રાજ્યોની રાજકીય અને સાંસ્કૃતિક ઈતિહાસ પર સંશોધન થઈ શકે.

### ❖ આંતર પ્રાદેશિક સંબંધો :

ઉત્તર ગુજરાતના ચારે બાજુથી સરહદના પ્રદેશો સાથેના રાજકીય અને સાંસ્કૃતિક સબંધોનો ઈતિહાસ ઘણો જ લાંબો છે. આવા પ્રત્યેક પ્રદેશના સબંધો વિશે સંશોધન કરવામાં આવે તો ઘણી બાબતો પર પ્રકાશ પાડી શકાય. ઉત્તર ગુજરાતની ઉત્તર અને પૂર્વ સીમા પર રાજસ્થાનના જિલ્લાઓ- બાડમેર, જાલોર, શિહોર, ઉદેયપુર, વાંસવાડા અને ડુંગરપુર આવેલા છે. આ જિલ્લાઓ ઉત્તર ગુજરાતના વિવિધ તાલુકાઓને સ્પર્શે છે. સાથે સાથે ઉત્તર ગુજરાતની પ્રજા ત્યાં જઈને વેપાર અર્થે વસેલી છે. તેથી આની ઉપર સંશોધન શકય છે.

### ❖ ઉત્તર ગુજરાતના ચારણો અને ઈતિહાસ લેખન પ્રવૃત્તિ :

ચારણોની લેખન પ્રવૃત્તિને આ વિસ્તારમાં વેગ મળ્યો હતો તેથી આ વિષય પર સંશોધન કરવું શકય છે. ઈડર રાજ્યના રાજકવિએ ચારણ સાહિત્ય રચેલું છે. પાટણના જ્ઞાન-ભંડારોનાં સંગ્રહિત હસ્તપ્રતો પર પણ સંશોધન બાકી છે.

### ❖ આર્થિક સ્થિતિ – ઉદ્યોગ ધંધાઓ :

ઉત્તર ગુજરાતના વિવિધ ધંધાઓ પર સંશોધન થઈ શકે તેમ છે. પાટણના પટોળા અને મશરૂ ઉદ્યોગ, વિસનગર તાંબા-પિત્તળના વાસણો, પાલનપુરના અત્તર, ઈડરના શસ્ત્રો અને રમકડાં, વડનગરનું વણાટકામ, કુંભારિયાનું ધાતુકામ, કડીનું કોતરકામ અને છિંકણી ઉદ્યોગ વગેરે પર પ્રકાશ પાડી શકાય.

### ❖ સ્થાનિક અને સ્વાતંત્ર્ય લડત :

'ઉત્તર ગુજરાત અને ૧૮૫૭' એ વિષય પર સંશોધનનો સારો અવકાશ છે. વિજાપુર, વડનગર, ખેરાલું, વિસ્તારના કોળીઓએ ૧૮૫૭માં ભાગ લીધો હતો. તેજ પ્રમાણે સાબરકાંઠાના

ચંડપ અને મુડેઠીના ભાગીદારો નાથાજી અને સુરજમલે ગાયકવાડ અને અંગ્રેજો વિરૂદ્ધ બંડ કરેલું, 'બંગભંગ અને પાટણ' પર લઘુશોધ નિબંધ તૈયાર શઈ શકે. ત્યાર પછીની સ્વાતંત્ર્ય ચળવળો આ પ્રદેશમાં વધુ ફેલાઈ હતી. તેથી અસહકાર, સવિનય કાનૂન ભંગ અને હિન્દ છોડો વગેરે ચળવળો પર સંશોધન કરવું શકય છે. આ વિસ્તારના સ્વાતંત્ર્ય સેનાનીઓ પર કામ થઈ શકે તેમ છે.

## ❖ શાસનતંત્ર :

પ્રાચીન, મધ્યકાલીન અને અર્વાચીન વહીવટી એકમો, પ્રાચીન અને મધ્યકાલીન માર્ગો, રાધનપુર, સમી-હારીજના બાબી શાસકો, ગાયકવાડી પ્રદેશનું ચલણ વગેરે પર લખી શકાય તેમ છે. વહીવટી તંત્રના પેટા વિભાગો-મહેસૂલ પદ્ધતિ, ન્યાયતંત્ર, કેળવણી, પોલીસ, સ્થાનિક સ્વરાજ્ય, નગરપાલિકાઓ વગેરે વિષયો પર સંશોધન થઈ શકે.

## ❖ ધાર્મિક વિષયો :

ઉત્તર ગુજરાતમાં બૌદ્ધ, જૈન, વૈષ્ણવ સંપ્રદાય, ઉત્તર ગુજરાતના સંતો, સૂફીઓ, તીર્થોનો ઈતિહાસ, ધાર્મિક મેળાઓ, ઉત્સવો, તહેવારો વગેરે વિષય પર સંશોધન શકય છે.

સંદર્ભ સૂચિ

| | | |
|---|---|---|
| ૧. | ડૉ. હરિપ્રસાદ શાસ્ત્રી | પ્રાચીન ભારતનો ઈતિહાસ |
| ૨. | ડૉ. હરિપ્રસાદ શાસ્ત્રી | પ્રાચીન ગુજરાતનો ઈતિહાસ ભાગ – ૧અને ૨ |
| ૩. | ડૉ. નવીનચંદ્ર આચાર્ય | સોલંકીકાલીન ગુજરાત |
| ૪. | પ્રવિણચંદ્ર પરીખ અને અન્ય સંપાદકો | 'ગુજરાતના રાજ્કીય અને સાંસ્કૃતિક ઈતિહાસ' – સોલંકીકાલ |
| ૫. | સુરેશભાઈ શાહ | પ્રાચીન ભારત |
| ૬. | ગોવિંદભાઇ એચ. દેસાઇ | ગુજરાતનો ઈતિહાસ |
| ૭. | ગોવિંદભાઇ એચ. દેસાઇ | કડી પ્રાંત - પ્રાંતિય સંગ્રાહલય |
| ૮. | S.B. Rajgor | "Mehsana District Gazetteer"<br>"Sabarkantha Mehsana District Gazetteer"<br>"Banaskantha District Gazetteer" |
| ૯. | મુકુંદ બ્રહ્મક્ષત્રિય | પ્રબંધોમાં પાટણ |
| ૧૦. | ડૉ. એસ.વી. રાજપત્રો | ગુજરાત દર્શન |